ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

નારી યુગોથી શક્તિશાળી છે અને રહેશે : પૂ. ગુરૂમા

ગાંધીનગર રોટરી ક્લબ દ્વારા મહિલા સશક્તિકરણ સંદર્ભે યોજાયેલ દ્વિદિવસીય વર્કશોપ 'અવસર આનંદની અનુભૂતિનો' પ્રારંભ

(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા.૧૯

મહિલાઓએ પુરુષ સમોવડી બનવાનું વાક્ય બોલીને પોતાની જાતને લઘુતાગ્રંથિમાં ન મૂકવી જોઈએ એમ પૂજ્ય ગુરૂમાએ શક્તિ-૨૦૧૪ના ઉદ્ઘાટન સમારોહમાં ઉદબોધન પ્રસંગે જણાવ્યું હતું. પૂજ્ય ગુરૂમાએ ગાંધીનગરની નારીશક્તિને સંબોધન કરતાં જણાવ્યું હતું કે, પુરુષ કરતાં પણ સહન શક્તિ, સર્જન શક્તિ અને સંવેદનશીલતા ખૂબ જ વધુ છે. ભગવાને નારીશક્તિ પર અપાર કૃપા કરી સમાજનું કેન્દ્ર બનાવ્યું છે. ગાંધીનગર રોટરી ક્લબ દ્વારા આયોજીત 'શક્તિ-૨૦૧૪' મહિલા સશક્તિકરણના બે દિવસીય વર્કશોપનું પૂજ્ય ગુરૂમાના હસ્તે દીપપ્રાગટ્ય કરાયું હતું. આ પ્રસંગે ગાંધીનગર કલ્ચરલ ફોરમના કૃષ્ણકાન્ત જહા અને ક્રિએટીવ ઈન્ફોસીટીના મેનેજીંગ ડિરેક્ટર સુવાસ બારોટે પણ શુભકામનાઓ પાઠવી હતી. સંસ્થાના પ્રમુખ રાહુલ મહેતાએ સ્વાગત પ્રવચન કરી સંસ્થાની પ્રવૃત્તિઓનો પરિચય કરાવ્યો હતો. આ પ્રસંગે મોટી સંખ્યામાં નગરની વિવિધ મહિલા સંસ્થાઓના આગેવાનો અને મહિલાઓ ઉપરાંત રોટરી ક્લબના વરિષ્ટ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. દિવસ દરમિયાન વિવિધ વિષયો પર તજજ્ઞોએ વ્યાખ્યાનો આપ્યા હતા.

સ્વર્ણિમ પાર્કમાં અંધારપટ ઉનાળુ રાત્રીની રોનક ફીક્કી

ગાંધીનગર, તા. ૧૯

શહેરમાં ઉનાળુ રાત્રીની રોનક નિખરી છે ત્યારે ઘ-૪ વિસ્તારમાં સ્થિત સ્વર્ણિમ પાર્કમાં રાત્રીના અંધારપટ છવાયેલો જોવા મળે છે. સ્વર્ણિમ પાર્કના વિસ્તારમાં મીની ખાણી-પીણી બજાર અસ્તિત્વમાં આવ્યું છે જેના પરિણામે ગંદકી થતા તંત્ર માટે શિરદર્દ ઉદભવ્યો છે.

ખાણી-પીણીની લારીઓ ગોઠવાતા ગંદકીનો પ્રશ્ન તંત્ર માટે શિરદર્દ

સ્વર્ણિમપાર્કની મહત્વકાંક્ષી યોજનાને અનુલક્ષી ગ-૪ થી ઘ-૪ વિસ્તારમાં કામ પૂર્ણ કરી દેવાયું છે. હાલ ફેઈજ-૨ બી અન્વયે ઘ-૪ થી ચ-૪ વચ્ચે કામ હાથ ધરાયું છે શહેરમાં એકબાજુ ઉનાળુ વેકેશનના લીધે રાત્રીનો નઝારો નિખર્યો છે. દિવસની ગરમીથી ત્રસ્ત નાગરિકો સાંજ ઢળતા જ સ્વર્ણિમ પાર્કના વિસ્તારમાં લટાર મારવા નીકળી પડે છે. રાત્રીની ભીડને અનુલક્ષી છેલ્લા એક મહીનાથી આ વિસ્તારમાં સાંજે લારી-ગલ્લા પણ ગોઠવાઈ જાય છે. જેના પરિણામે સ્વર્ણિમ પાર્ક આસપાસ મીની ખાણી-પીણી બજાર અસ્તિત્વમાં આવી ગયું છે. બીજી તરફ હરિયાળા પાર્કમાં રાત્રી દરમિયાન અંધારપટ છવાઈ જાય છે. ઉદ્યાનમાં અંધારૂ ઉલેચવા લાઈટો ચાલુ કરવા આમ નાગરિકોમાં પ્રબળ માંગ ઉઠવા પામી છે. બીજીતરફ કરોડોના ખર્ચે તૈયાર કરાયેલા સ્વર્ણિમપાર્ક આસપાસ ધીમે ધીમે ગંદકી ખદબદતી નજરે પડે છે. રાત્રીના ખાણીપીણીની લારીઓ ધમધમતા ગંદકીની સમસ્યા ઉદ્ભવી છે. ઉનાળુ વેકેશન દરમિયાન આમ નાગરિકો પાર્કમાં હરીફરી શકે તે માટે લાઈટીંગ પોલ્સ શરૂ કરવા માંગ ઉઠવા પામી છે. બીજી તરફ ગંદકીનો પ્રશ્ન ઉદ્ભવતા તંત્ર માટે પણ શિરદર્દ ઉભો થયો છે.

દરેક મહિલા પોતાના ઘરની કૃષ્ણ છે : કાજલ ઓઝા વૈદ્ય

જે સ્ત્રીને અબળા માને છે તેનાથી નબળા કોઈ નથી : કાજલ ઓઝા વૈદ્ય : કોઈપણ નાની રૂચિને ક્યારેય છોડવી નહિ : આરજે ધ્વનિત

ગાંધીનગર, તા. ૧૯

આજે ગાંધીનગરના આંગણે રોટરી ક્લબના કાર્યક્રમમાં ભાગ લેવા અત્યારના સમયના પ્રસિદ્ધ લેખિકા કાજલ ઓઝા વૈદ્ય, ડૉ. ભદ્રાયુ વચ્છરાજાની અને રેડિયો મિર્ચીના લોકપ્રિય આરજે ધ્વનિત પધાર્યા હતા. કાજલ ઓઝા વૈદ્યે મહિલાઓને તેમની શક્તિઓની ઓળખ કરાવી હતી તો આરજે ધ્વનિતે મહિલાઓને તેમની રૂચિનો ક્યારેય ના છોડવા અને સતત નવુ શીખતા રહેવા અનુરોધ કર્યો હતો.

કાજલ ઓઝા વૈદ્યએ તેમના પ્રવચનની શરૂઆતથી જ તેમના વિચારો જેવા જ તેમના મોહક અવાજથી ઉપસ્થિત તમામ મહિલાઓને મંત્રમુગ્ધ થઈ સાંભળવા મજબૂર કર્યા હતા. તેમણે નારીઓને જીવનમાં જરૂર વગરના વધુ પડતા ડિસીપ્લીનના આગ્રહથી દૂર રહેવા સલાહ આપતા કહ્યું હતું કે આપણે આપણા સંતાનોને નાનપણથી જ એક જ સતત સૂચના આપ્યા કરીએ છીએ 'જલ્દી કર' આજ બાળકને જ્યારે તે યુવાન બને ત્યારે તેના ઉતાવળીયામાં

● અનુસંધાન પાન-૭ પર

શરતો-ટાઈમટેબલ આધારિત જીવન મજા મારી નાંખે : ડૉ. ભદ્રાયુ વચ્છરાજાની

આપણા મનમાં ચાર બોક્ષ : કયું ઓપરેટ કરો તેના પર બધો આધાર

ગાંધીનગર, તા. ૧૯

બધુ જ શિડ્યુલબદ્ધ જીવવું તે મજાને મારી નાંખે છે. આજે આપણે કન્ડીશનલ થઈ ગયા છે. ત્યારે બહાર નીકળતા પહેલા મોભાને રૂમની ખિટ્ટી પર ટાંગી દઈએ તો જીવનમાં મોજ આવી જાય માણસે કોમ્યુનિકેશનની લીંક હરહાલતમાં કોઈની પણ સાથે તોડી ન નાંખવી જોઈએ. આપણા મનમાં ચાર ખાના છે. આયોજન, તર્ક, પ્રેરણા અને મોજ. કોઈપણ કામ કરો ત્યારે કયું બોક્ષ ઓપરેટ કરો છો - તે ખાસ મહત્વની બની જાય છે. ખુશીની શોધમાં નીકળો તો જડતી નથી પરંતુ પ્રવૃત્તિ જ એવી મુકો તો દરેક ખિસ્સા ફનથી ભરાઈ જશે. રોટરી ક્લબ આયોજિત શક્તિ કાર્નિવલમાં ડૉ. ભદ્રાયુ વચ્છરાજાનીએ જીવન માણવા જેવુ છે. તે વિષય અંગે રસપ્રદ બાબતો પર પ્રકાશ પાડી જીવનને સહજ રીતે જ હળવુ અને મોજીલુ બનાવવા નારીશક્તિને માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું.

અદાણી ફાઉન્ડેશનના ડાયરેક્ટર ડૉ. ભદ્રાયુ વચ્છરાજાનીએ જીવન માણવા જેવુ તે વિષયને કેન્દ્રસ્થાને રાખી હાસ્યની સાથે હળવાફુલ રહેવાની રસપ્રદ બાબતો બયાન કરી મહીલાઓને માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે પરિસ્થિતિને તમે કેવી રીતે ટેકલ કરો છો તે બાબત મહત્વની હોય છે માટે જ પ્રશ્ન ઉપસ્થિત થાય ત્યારે તમારે દુઃખપ્રધાન થવું

● અનુસંધાન પાન-૭ પર

ચિલોડામાં ચૂંટણીના ચોરા સમાન જનસંસદ યોજાઈ

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લાના પૂર્વ વિસ્તારમાં આવેલ ચિલોડા ખાતે એક કાર્યક્રમોનો બહિષ્કાર કર્યો હતો.

જન સંસદમાં કાર્યક્રમમાં ભારતીય જનતા પાર્ટી વતી ગાંધીનગર લોકસભા મત વિસ્તારના પ્રભારી વાડીભાઈ પટેલે અને કોંગ્રેસ વતી પ્રદેશ મહામંત્રી હિમાંશુ પટેલે ચર્ચામાં ભાગ લીધો હતો. બંને પક્ષોએ ચર્ચા દરમ્યાન એકબીજા પર ખૂબજ આક્રમક રીતે ઉગ્ર પ્રહારો કર્યા હતા. તેથી હાજર કાર્યકરોએ પણ સુત્રોચ્ચારો વડે જનસંસદ ગજવી મુકી હતી. ભાજપના કાર્યકરોએ મોદીના નામના જયઘોષ કર્યા હતા. કાર્યક્રમના પ્રારંભે જ આપ આદમી પાર્ટીએ મધ્યમાં સ્થાન આપવા માગણી કરી હતી. જેને ચેનલે માન્ય ન રાખતા આપ દ્વારા કાર્યક્રમનો બહિષ્કાર કરવામાં આવ્યો હતો અને ચર્ચા દ્વિપક્ષીય બનીને રહી ગઈ હતી.

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

ખાનગી ન્યૂઝ ચેનલ દ્વારા ચૂંટણી લક્ષી સમૂહ ચર્ચાનો કાર્યક્રમ ભારે ઉત્તેજનાભર્યા વાતાવરણમાં ભાજપના વાડીભાઈ પટેલ અને કોંગ્રેસના હિમાંશુ પટેલે પક્ષની નીતિ અને કાર્યક્રમોને રજૂ કર્યા હતા

ખાનગી ચેનલ દ્વારા ચૂંટણીઓને અનુલક્ષીને જનસંસદ નામનો કાર્યક્રમ યોજયો હતો. ચિલોડાના એસ.પી. રિસોર્ટ ખાતે યોજાયેલ આ કાર્યક્રમમાં ભાજપ તથા કોંગ્રેસના નેતાઓએ એકબીજા પર ઉગ્ર પ્રહારો કર્યા હતા જ્યારે કાર્યક્રમમાં મનપસંદ સ્થાન ન મળવાથી આમ આદમી પાર્ટીએ

પંચદેવ મંદિર પાસેથી રૂપિયા ૨.૭૦ કરોડની લેતીદેતીમાં યુવાનનું અપહરણ

પાલજ ગામના અપહૃત યુવાનનો બે દિવસથી પત્તો નથી : બે શખ્સો સામે ફરિયાદ

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શહેરના સે.૨૨ પંચદેવ મંદિર પાસે બોલાવીને રૂ.૨.૭૦ કરોડની લેતીદેતીમાં પાલજ ગામના યુવાન નું બે શખ્સોએ મળીને અપહરણ કરી લેતા ચકચાર મચી જવા પામી છે.અપહ્રુત પાલજ ગામ ના યુવાન ની બે દિવસ થી શોધખોળ ચાલી રહી છે પરંતુ તેનો પતો લાગતો ણ હોવાથી પરિવારજનો તથા પોલીસ ચિંતા માં મૂકી ગઈ છે.સે.૨૧ પોલીસે બે શખ્સો સામે અપહરણ નો ગુનો દાખલ કરીને ડી તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગર નજીક આવેલા પાલજ ગામ માં રહેતો ૩૦ વર્ષીય યુવાન અલ્પેશ રણછોડભાઈ વાળંદ શહેરની એક મેડીકલ સ્ટોર સંભાળે છે.તેણે ફાયનાન્સનો ધંધો કરતા બે શખ્સોને રૂપિયા આપ્યા હતા.સે.૭ માં પ્લોટ નં.૨૪૬/૧ ખાતે રહેતા -મુખ -હલાદ પટેલ અને સે.૨૯ પ્લોટ નં.૧૯૬ માં રહેતા દર્પણ ધીરજ ધોળકિયા ને રૂ.૨.૭૦ કરોડ આપ્યા હતા.આ રૂપિયા પાછા માંગતા તકરાર થઈ હતી.રૂપિયાની લેતીદેતીમાં થયેલી તકરાર ના સમાધાન માટે તે બંને એ અલ્પેશને ૧૭મી એ ગુરુવારે સાંજે ૬ વાગ્યાના અરસામાં સે.૨૨ પંચદેવ મંદિર પાસે બોલાવ્યો હતો.ત્યાંથી અલ્પેશનું અપહરણ કરીને બંને શખ્સો ક્યાંક ફરાર થઈ ગયા છે જેમનો આજ દિન સુધી કોઈ જ પત્તો લાગ્યો નથી.આ મામલે અપહ્રુત યુવાન ના પિતા રણછોડભાઈ બુલાઠીદાસ વાણંદ ની ફરિયાદ ને આધારે સે.૨૧ પોલીસ દોડતી થઈ છે.પી.એસ.આઈ બી.કે.અસારી એ આ ગુના ની ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

(તસવીર : દિપક જાની)

ગાંધીનગર લોકસભાની બેઠક પરથી ભાજપના રાષ્ટ્રીય નેતા લાલકૃષ્ણ અડવાણીના ડોર ટુ ડોર પ્રચાર ઝુંબેશ અન્વયે શનિવારે 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' સિરીયલના 'સુંદરલાલ' મયુર વાંકાણી સે-૨૪માં પ્રચારમાં જોડાયા હતા. મયુર વાંકાણીએ સે-૨૪ના રહીશો તેમજ વેપારીઓને અડવાણીજીને જંગી બહુમતીથી જીતાડવા અપીલ કરી હતી. આ પ્રચાર ઝુંબેશમાં ભાજપના સ્થાનિક નેતાઓ અને કાર્યકરો પણ મોટી સંખ્યામાં જોડાયા હતા.

અહેમદ પટેલ ભરૂચના ચૂંટણી પ્રચારમાં જોડાયા

ગાંધીનગર, તા. ૧૯

ગુજરાતમાં લોકસભાની ૨૬ બેઠકો માટેની ચૂંટણી આડે હવે માત્ર દસ દિવસનો જ સમય બાકી રહ્યો છે ત્યારે રાજકીય નેતાઓ અને ફિલ્મ અભિનેતાઓ ચૂંટણી પ્રચારના મેદાનમાં ઉતરતા ચૂંટણી પ્રચારમાં વેગ આવવા પામ્યો છે.

લોકસભા ચૂંટણી આડે હવે માત્ર દસ દિવસ બાકી રહ્યા છે ત્યારે કોંગ્રેસે ગુજરાતમાં સૌથી વધુ બેઠકો પર જીત મેળવવા માટે ચૂંટણી પ્રચારની વ્યુહરચના બદલી છે અને રાજ્યમાં અંદાજે ચાર થી ૬ જેટલી બેઠકો પર કોંગ્રેસના અધ્યક્ષ સોનીયા ગાંધી અને ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીની ચૂંટણી સભાઓનું આયોજન ઘડી કાઢવામાં આવ્યું છે.

હાલમાં કોંગ્રેસ પ્રમુખ સોનીયા ગાંધીના રાજકીય સલાહકાર અને ગુજરાત કોંગ્રેસના વરિષ્ઠ નેતા અહેમદ પટેલ ગુજરાત આવી પહોંચ્યા છે અને ભરૂચ લોકસભા બેઠક પર પ્રચારની ધૂરા સંભાળી લીધી છે. તેમણે પ્રચાર દરમ્યાન આ લોકસભાની ચૂંટણીમાં ફરી એકવાર કેન્દ્રમાં કોંગ્રેસની સરકાર બનશે એવો આશાવાદ વ્યક્ત કર્યો છે.

અહેમદ પટેલ ભરૂચ ઉપરાંત રાજ્યની અન્ય કેટલીક લોકસભા બેઠક ઉપર પ્રચાર કરવા માટે જનાર હોવાનું જાણવા મળે છે.

રાજકીય નેતાઓ ઉપરાંત ફિલ્મ સ્ટારોને પણ કોંગ્રેસે ચૂંટણી પ્રચારના મેદાનમાં ઉતાર્યા છે. આજે ગાંધીનગર લોકસભા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર કિરીટ પટેલ માટે પ્રચાર કરવા ફિલ્મ અભિનેત્રી અમીષા પટેલે અમદાવાદ મતવિસ્તારમાં રોડ શૉ કરીને કોંગ્રેસ માટે ચૂંટણી પ્રચાર કર્યો હતો.

અમદાવાદ ઉપરાંત રાજકોટ લોકસભા બેઠક પર પણ કોંગ્રેસના ઉમેદવાર કુંવરજી બાવળીયા માટે અમીષા પટેલનો રોડ શૉ યોજાનાર છે.

કોંગ્રેસે રાષ્ટ્રીય નેતાઓની જાહેર સભાઓ રાખી છે જો કે ભાજપે હજુ ગુજરાતમાં કોઈ રાષ્ટ્રીય નેતાઓને ચૂંટણી પ્રચારમાં ઉતાર્યા નથી. પરંતુ અંતિમ ચરણના પ્રચારમાં મુખ્યમંત્રી અને વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી ભાજપની નબળી બેઠકો પર ચૂંટણી સભાઓને સંબોધે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

દેશને જરૂર છે યુવા જોશની

કોઈ રાહુલની યુવાગીરી પર આફિન છે તો કોઈકને નરેન્દ્ર મોદી જ યુવાનોને સારી રીતે સમજી શકે છે તેવુ લાગે છે

ગાંધીનગર, તા. ૧૯

ઈલેક્શન લાઈવ

દેશમાં આ વખતની લોકસભાની સામાન્ય ચૂંટણીઓમાં સૌથી વધુ બોલબાલા યુવા મતદારોની છે. દેશની આગામી સરકાર કોની રચાશે તે આ દેશના યુવાનો અને મહિલાઓ નક્કી કરશે. યુવાનોના આ મિજાજને પારખીને દરેક રાજકીય પક્ષો તેમના રાષ્ટ્રીય નેતાઓની હરોળમાં યુવા નેતાઓને તક આપી છે. જેમાં કોંગ્રેસના રાહુલ ગાંધી છે તો ભાજપના નરેન્દ્ર મોદી સોશ્યલ મીડીયા થકી યુવાનો સાથે સંપર્ક કરી પોતાને યુવા હોવાનો અહેસાસ કરાવી રહ્યા છે. સપાના અખિલેશ યાદવ, આપના અરવિંદ કેજરીવાલ અને કુમાર વિશ્વાસથી લઈને મનસેવા રાજ ઠાકરે સુધી યુવાનેતાઓના આજકાલ સિક્કા પડે છે.

આજે ઈલેક્શન લાઈવમાં કેટલાક યુવા મતદારોનો સંપર્ક કરવામાં આવ્યો હતો. ઈલેક્ટ્રોનીક્સ ઈક્વીપમેન્ટ કંપનીમાં કામ કરતા અને સેક્ટર-૨-બીમાં રહેતા સમીર ખોસલા રાહુલ ગાંધીના પ્રસશંક છે. તેમણે કોંગ્રેસની વિચારધારામાં અખૂટ વિશ્વાસ છે અને રાહુલ ગાંધી જેવા યુવા નેતા જ્યારે નેતૃત્વ કરી રહ્યા હોય ત્યારે ભારત જેવા યુવાનોના દેશમાં ચોક્કસપણે કામ કરતી સરકાર રચાય તેવુ તેમનુ માનવુ છે. મત આપવા તેઓ ઉમેદવારની વ્યક્તિગત ઈમેજ કરતા પક્ષની વિચારધારાને ધ્યાનમાં રાખવાનુ વધારે પસંદ કરશે. તેમના મતે દેશમાં હજુ પણ શિક્ષણ અને રોજગારી ક્ષેત્રે ખૂબ સુધારાની જરૂર છે. ભારત ખૂબ મોટો દેશ હોવાથી સતત રોજગારી અંગેની જરૂરિયાત ઉભી રહેવાની જ છે.

● અનુસંધાન પાન-૭ પર

શહેરમાં વેગવંતુ બનેલુ કોંગ્રેસનું પ્રચાર અભિયાન

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર બેઠકના કોંગ્રેસના ઉમેદવાર કિરીટ પટેલને વિજયી બનાવવા માટે શહેર કોંગ્રેસ દ્વારા કમર કસવામાં આવી રહી છે. આજે કોંગ્રેસ સમિતિ દ્વારા શહેરના અલગ-અલગ સેક્ટરમાં પ્રચાર અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં કાર્યકરો જોડાયા હતા.

ગાંધીનગર શહેર કોંગ્રેસ દ્વારા ગાંધીનગર બેઠક કબ્જે કરી ઈતિહાસ બનાવવા લોક પ્રચાર તેજ બનાવવામાં આવી રહ્યો છે. આજ રોજ શહેરના સેક્ટર-૨૬ના કિસાનનગર, સે. ૨૭ની ગાયત્રી સોસાયટી, શિવમ સોસાયટી, એસ.આર.પી. ક્વાટર્સ અને આદિવાડા ખાતે જનસંપર્ક કરવામાં આવ્યો હતો.

કોંગ્રેસને વિજયી બનાવવા માટે શહેરના ૫૦૦ થી વધારે કોંગ્રેસના યુવા કાર્યકરો જોડાયા હતા. પ્રચારમાં કોંગ્રેસને મતદારો દ્વારા ખુબજ આવકાર મળતો હતો. મતદારો આગેવાનોને સામેથી કહેતા હતા કે ખુબજ સહ્યા અડવાણી હવે તો બસ કિરીટ પટેલ જ. આ જોઈને કોંગ્રેસના આગેવાનો પણ હરખાતા હતા.

શ્રી ગણેશાય નમઃ

જયઅંબે અનાજ ભંડાર

ભાલ પ્રદેશના દળદાર, વજનદાર, સરબતી ટુકડી તથા દાઉદખાની ઘઉં બારેમાસ ભરવા માટે

હોમ ડીલીવરી

સંપર્ક કરો : પ્રો. ચિન્ટુ કુન્દનલાલ પટેલ

મો. : ૯૯૨૫૪ ૬૬૪૯૦, ૯૮૨૫૭ ૧૯૯૮૬, ૮૭૩૪૯૭૧૯૩૩

નોટીસ

સાંચા કામ સબબે તારીખ ૨૧-૪-૧૪, સોમવારના રોજ નીચે જણાવેલ વિસ્તારનો વીજ પુરવઠો સવારના ૧૧-૦૦ કલાકથી સાંજના ૬-૦૦ કલાક સુધી બંધ રહેશે જેની માનવંતા ગ્રાહકોએ નોંધ લેવા વિનંતી તકલીફ બદલ ક્ષમા કરશો.

૧. જી.આઈ.ડી.સી. હાઉસીંગ

સહી/-

ટોરેન્ટ પાવર લિમીટેડ

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality

C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500™
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com